An AIChE Technology Alliance
CCPS Center for Chemical Process Safety
www.aiche.org/ccps

Process Safety Beacon
10 YEAR ANNIVERSARY

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx

ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યકિતઓ માટે સંદેશો

This issue sponsored by
ioMosaic
www.iomosaic.com

# શું લગાડેલી સંજ્ઞાઓ અને લેબલો મુંજવણ પેદા કરે છે ?

માર્ચ ૨૦૧૩

જમણી બાજુ આપેલા ચિત્ર નવેમ્બર ૨૦૧૨ "સમસ્યા શોધો" હરીફાઈમાંથી લીધેલ છે; જેમાં ઘણા બધા પમ્પો દર્શાવેલા છે, જે એક સરખા જ દેખાય છે. આ ચિત્રમાં લેબલ લગાડેલ હોય એવુ એકપણ બાજુથી દેખાઈ નથી રહ્યું. તમને કહેવામાં આવે કે આમાંથી એકાદ પમ્પને યાંત્રિક કામ માટે તૈયાર કરો તો , તમે કેવી રીતે ખાત્રી કરશો કે તમે સાચા પમ્પ પર કામ કરી રહ્યા છો?

લેબલ ન લગાવવુ સુરક્ષાની સમસ્યા થઈ શકે છે અને ખરાબ અથવા મુંજવણ ઉત્પન્ન કરે તેવા લેબલ અથવા જાણકારી આપતી સંજ્ઞાઓ તેનાથી પણ ખરાબ છે. નીચે આપેલા ચિત્રો, મુંજવણવાળા લેબલ અથવા સંજ્ઞાઓ રોજબરોજમાં વપરાતા પ્રકિયા પ્લાન્ટમાંથી લીધેલ છે.









આ પાઈપોમાં સરખાં લેબલથી ખોટુ મટીરીયલ સ્ટોરેજ ટેન્કમાં ઢલવાય ગયુ હતું. જેને કારણે રાસાયણિક રીએકશન ઉદ્ભવતા, ઝેરી ગેસ નીકળ્યો જેથી છ માણસો ઈજા પામ્યા. જુઓ ઍપ્રિલ ૨૦૧૨નુ બેકન.










## તમે શું કરી શકો ?

➔ સાધનો ઉપર લેબલ ન લગાવેલાં, લેબલ ખોવાયેલા અથવા નુકશાન પામેલા જે તમે વાંચી ન શકો છે કે કેમ તે તપાસો. જો આવા લેબલ તમને જણાય તો જો તેને સુધારી શકો તો સુધારો અથવા જે સુધારી શકે તેમ હોય તેમને જણાવી ને સમસ્યાનુ નિરાકરણ લાવો.

➔ મુંઝવણ ઉત્પન્ન કરે તેવા લેબલો કે સંજ્ઞાઓને શોધો, જેમકે આ ચિત્રમાં કેટલીક દર્શાવી છે અને તેને સુધારો.

➔ ખાત્રી કરો પ્લાન્ટમાં લગાવેલ લેબલ અને સાધનોની ઓળખ ઓપરેટીંગ પદ્ધતિ, મરમ્મત પદ્ધતિ, કટોકટી માટેની પદ્ધતિ અને બીજા પ્લાન્ટના દસ્તાવેજોમાં વર્ણવેલ પ્રમાણે જ છે.

➔ લેબલને હાથેથી સુધારીને કે બીજા કામચલાઉ લેબલ લગાવીને મુંઝવણ ઉત્પન્ન કરો નહીં. જો લેબલમાં સુધારો કરવો હોય તો સાચુ લેબલ વાપરો અને આ માટે વ્યવસ્થાપનમાં બદલાવનું પૃથ્થકરણ કરો.

➔ તમારા પ્લાન્ટમાં બધી જગ્યાઓએ એક સરખાં જ રસાયણના નામ કે ટૂંકાક્ષરો વાપરો. દા.ત. એમએમએનો અર્થ એક પ્લાન્ટમાં મીથાઈલ મેટાફીલેટ થઈ શકે તો બીજા પ્લાન્ટમાં મોનો મીથાઈલ એમાઈન તો વળી અન્ય પ્લાન્ટોમાં કોઈ બીજો. હંમેશાં પદાર્થોના સાચા રાસાયણિક નામ વાપરો. ખાત્રી કરો કે તમારા પ્લાન્ટમાં લગાડેલા લેબલનો અર્થ શો થાય છે તે બધાને ખબર છે.







**સુરક્ષા માટે સાચા લેબલો અને સંજ્ઞાઓ વાપરો !**

AIChE © 2013. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.

The Beacon is usually available in Arabic, Afrikaans, Chinese, Danish, Dutch, English, French, German, Greek, Gujarati, Hebrew, Hungarian, Italian, Japanese, Korean, Malay, Marathi, Norwegian, Persian, Polish, Portuguese, Romanian, Russian, Spanish, Swedish, Telugu, Thai, Turkish, and Vietnamese.